Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની તાકીદની સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા. ૧૨–૧૧–૨૦૨૦**

સિન્ડિકેટની તાકીદની સભા ગુરૂવાર, તા.૧૨–૧૧–૨૦૨૦ના રોજ બપોરેઃ૧–૦૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં.૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૧૨–૧૧–૨૦૨૦ |
|---|---|---|
| ૧. | ડૉ. હેમાલી અરૂણભાઈ દેસાઈ ( માનનીય ઈન્ચાર્જ કુલપતિશ્રી) | હાજર |
| ૨. | VACANT (માનનીય ઉપકુલપતિશ્રી) | ----- |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ.<br>ડૉ.વિજય ડી.ધીમન, આચાર્યશ્રી સરકારી ઈજનેરી કોલેજ, સુરત. | હાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ.વિપિનકુમાર દયાળજી નાયક | હાજર |
| ૭. | આ.ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ | ગેરહાજર |
| ૮. | ડૉ.મહિડા મહેન્દ્રસિંહ ભરતસિંહ | હાજર |
| ૯. | ડૉ.રાકેશ એન. દેસાઈ | ગેરહાજર |
| ૧૦. | શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| ૧૧. | ડૉ. ખરચિયા કશ્યપસિંહ પ્રવિણસિંહ | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી જયરામ ગામિત | ગેરહાજર |
| ૧૪. | શ્રી કિરણભાઈ ઘોઘારી (એડવોકેટ) | ગેરહાજર |

**નોંધ : સભા શરૂ થતા પહેલા શ્રી કિરણ ઘોઘારી અને આ.ડૉ.અશ્વિનભાઈ એસ. પટેલના તા.૧૨–૧૧– ૨૦૨૦ના પત્રથી કરેલ રજુઆત સંદર્ભે ચર્ચા થતા સર્વે સભ્યોનો મત હતો કે આજની તાકીદની સભા બોલાવવાથી યુનિવર્સિટીના એકટ કે સ્ટેચ્યુટનો કોઈ ભંગ થતો નથી. જેની નોંધ લઈ સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી.**

૧. રાજય સરકારશ્રી અને RUSA દ્વારા યુનિવર્સિટીને મળેલ અનુદાનમાંથી કરવાના થતા કામો માટે તા.. : ૦૯–૧૦–૨૦૨૦ ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨, ૬, ૭, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, અને ૨૨ ઉપર વિચારણા કરવા બાબત.

( બિડાણ – પ્ર.વિ. અને બાં. સમિતિના ઠરાવ )
(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, રાજય સરકારશ્રી અને RUSA દ્વારા યુનિવર્સિટીને મળેલ અનુદાનમાંથી કરવાના થતા કામો માટે તા..:૦૯–૧૦–૨૦૨૦ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨, ૬, ૭, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, અને ૨૨ને પરિશિષ્ટ : ' ક 'માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવામાં આવે છે.**

**(પરિશિષ્ટ : ' ક ')**

૨. સિન્ડિકેટની તા.૦૨–૦૯–૨૦૧૬ની સભાનો ઠરાવ ક્રમાંકઃ૧૦૮ અને સિન્ડિકેટની તા.૦૭–૦૯–૨૦૧૬ની સભાનો ઠરાવ ક્રમાંકઃ ૦૧ થી શ્રી ગીજુભાઈ છગનભાઈ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ આર્કિટેકચર, ઈન્ટીરીયર ડીઝાઈન એન્ડ ફાઈન આર્ટસના B.Arch. સ્વનિર્ભર અભ્યાસક્રમ દ્વારા આયોજીત નાસા કાર્યક્રમ સંદર્ભે તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારવો તથા અહેવાલમાં જણાવેલ જવાબદારોને શો–કોઝ નોટીસ આપવી. ૪૦ લાખ બાકી છે તે પાર્ટી/કોન્ટ્રાકટરોને નેગોશીએટ કરીને બાકી રહેતા ચૂકવણાના ૫૦ ટકા રકમ ચુકવવી તથા બીજી તમામ નાની પાર્ટી/કોન્ટ્રાકટરોને નેગોશીયેટ કરીને બાકી રહેતી રકમના ૭૫ ટકા લેખે ચુકવણું કરવું તથા હાલની તપાસ સમિતિમાં ડાૅ.ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલનો ઉમેરો કરવો અને તપાસ સમિતિએ આગળની કાર્યવાહી કરવી તથા જેઓ દોષિત છે તેમના હોદ્દાના આધારે ક્ષતી અનુસાર રીકવરી કરવાની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવેલ હતું. ત્યાર બાદ સિન્ડિકેટના ઠરાવ્યાનુસાર નિયુકત સમિતિ દ્વારા તા.૨૯/૦૮/૨૦૧૬ થી રજૂ કરેલ અહેવાલ નાણા સમિતિ સમક્ષ રજૂ કરતા નાણા સમિતિની તા.૦૧–૧૦–૨૦૧૬ની સભાનો ઠરાવ ક્રમાંકઃ ૬ અનુસાર નિયુકત સમિતના અહેવાલ બાબતે યોગ્ય નિર્ણય લેવા સિન્ડિકેટ સભાને ભલામણ કરવામાં આવેલ હતી જે સિન્ડિકેટની તા.૦૬–૧૨–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૨ થી સદર બાબતની નોંધ લેવામાં આવેલ હતી. ત્યારબાદ મા.કુલપતિશ્રી દ્વારા નાસા કાર્યક્રમ અંતર્ગત થયેલ ખર્ચનો અહેવાલ જોતા નાણાની ગેરરીતી અને હિસાબોમાં ક્ષતિઓ હોય એમ જણાતા સદર બાબત અંગે વ્યકિતગત રીતે જવાદારી નકકી કરી તેમની સામે કાયદાકીય યોગ્ય પગલાં લઈ સત્વરે ઘટતી કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ હતુ જે અન્વયે કાર્યાલયના તા.૧૬/૧૧/૨૦૧૭ના પત્રાંકઃજન/NASA/૨૨૪૧૭/૨૦૧૭થી કો–ઓર્ડિનેટરશ્રી, B.Arch. સ્વનિર્ભર અભ્યાસક્રમને સત્વરે આગળની ઘટતી કાર્યવાહી કરવા પત્ર પાઠવવામાં આવેલ હતો. હાલમાં B.Arch સ્વનિર્ભર અભ્યાસક્રમ દ્વારા આયોજીત નાશા (નેશનલ એસોસીયેસન ઓફ સ્ટુડન્ટ) કાર્યક્રમમાં ડેકોરેશન એન્ડ પ્રોવાઈડીગ વેરીયર્સ સર્વિસ વ્યવસ્થા શ્રી પકંજભાઈ પટેલ ફોર પરછાઈ એકઝીબીટર્સ દ્વારા કરવામાં આવેલ, જે અંગે તેઓના બાકી લેણા અંગે શ્રી પંકજભાઈ જે.પટેલ દ્વારા નામદાર હાઈકોર્ટમાં સ્પે.સિવિલ એપ્લીકેશન નં.–૧૦૭૮૨/૨૦૨૦ દાખલ કરેલ હતી. **<u>જે અંગે નામદાર હાઈકોર્ટના તા.૩૦/ ૦૯/ ૨૦૨૦ના ઓર્ડર/હુકમ અનુસાર સદરહું પાર્ટીને ચૂકવવાની થતી બાકી રકમની ચૂકવણી અંગે એક મહિનામાં સિન્ડિકેટ દ્વારા નિર્ણય કરવાનું જણાવી સદર પીટીશનનો નિકાલ કરેલ હોય સદરહું બાબતે વિચારણા કરવા બાબત.....</u>**

નોંધ : (૧) શ્રી ગીજુભાઈ છગનભાઈ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ આર્કિટેકચરના ઓન.ડાયરેકટરશ્રીનો NASA Convention Programના બાકી ચૂકવણા અંગે સોફટ લોન આપવા અંગેનો તા.૦૮/૦૮/૨૦૧૭નો પત્રાંકઃ G.C.P.I.A./B.Arch./2017-18/050 થી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરતા સિન્ડિકેટની તા.૨૨–૦૯–૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ૧૫ થી સદર બાબતને Withdraw કરવામાં આવેલ હતી જે અંગે કાર્યાલયના પત્રાંકઃ જન/ NASA/ ૨૩૪૫૨/૨૦૧૭, તા.૧૧/૧૨/૨૦૧૭ થી કો–ઓર્ડિનેટરશ્રી, શ્રી ગીજુભાઈ છગનભાઈ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ આર્કિટેકચરને જાણ કરી આગળની ઘટતી કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ હતુ.

(૨) યુનિવર્સિટીના સેનેટ/સિન્ડિકેટ સભ્યશ્રીઓની તા.૧૩/૦૪/૦૧૯ના પત્ર મુજબ સદર વિભાગની ૧૦૦ માંથી ૨૦ સીટો ઘટાડા તેમજ નાસા કાર્યક્રમ બાબતે તાત્કાલીક તપાસ કરાવી જવાબદારો સામે કાયદેસરના પગલાં ભરવાં નમ્ર રજૂઆત અને માંગણી અન્વયે કાર્યાલયની તા.૧૬/૦૪/૨૦૧૯ની નોંધ પર મળેલ મંજુરી અનુસાર યુનિવર્સિટીના આર્કિટેક્ચર વિભાગની વહીવટી તથા નાણાકીય અનિયમિતતા બાબતે મા.કુલપતિશ્રી દ્વારા તપાસ સમિતિની રચના કરવામાં આવેલ છે.

(૩) શ્રી વિજયભાઈ રમેશભાઈ ચૌહાણ, સ્પાર્ક ઈવેન્ટ મેનેજમેન્ટ, સુરતનો તા.૦૧/૧૦/ ૨૦૨૦નો તેઓના બાકી રહેલ નાણા ચૂકવવા અંગે યુનિવર્સિટી કાર્યાલયને પત્ર પાઠવેલ છે.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને Withdraw કરવામાં આવે છે.**

૩. **યુનિવર્સિટીને મળેલ વિવિધ રજૂઆતો સંદર્ભે બી.સી.એ. પ્રથમ વર્ષની પ્રવેશ પ્રક્રિયામાં સુરત શહેરની ૧૫ જેટલી બી.સી.એ. કોલેજને ડિવિઝન દીઠ ૧૦ સીટનો વધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.**

**(શૈક્ષણિક)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીને મળેલ વિવિધ રજૂઆતો સંદર્ભે બી.સી.એ. પ્રથમ વર્ષની પ્રવેશ પ્રક્રિયામાં સુરત શહેરની ૧૫ જેટલી બી.સી.એ. કોલેજને ડિવિઝન દીઠ ૧૦ ટકા સીટનો વધારો કરવા સંદર્ભે પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થાય પછી પ્રવેશ સમિતિ સાથે પરામર્શ કરી નિર્ણય કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૪. તા.૦૯–૧૧–૨૦૨૦ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૧૪, ૨૦, ૨૧, ૩૧ અને ૩૪ અંગે વિચારણા કરવા બાબત......
બિડાણ : નાણાં સમિતિની સભાની મીનીટ્સ/ભલામણ.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૦૯–૧૧–૨૦૨૦ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૧૪, ૨૦, ૩૧ અને ૩૪ને પરિશિષ્ટ : ' ખ 'માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવામાં આવે છે તથા બાબત ક્રમાંક : ૨૧માં નોટીસમાં જણાવેલ અપીલ માટેની જોગવાઈ અનુસાર અપીલ કરવી અને ગુજરાત રાજયની અન્ય યુનિવર્સિટી દ્વારા રોકવામાં આવેલ વકીલ/ કન્સલટન્ટના લીસ્ટમાંથી વકીલ/કન્સલટન્ટ નિમવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

**(પરિશિષ્ટ : ' ખ ')**

૫. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય ખાતે વય મર્યાદાના કારણે તા.૩૧–૧૦–૨૦૨૦ના રોજ નિવૃત્ત થનાર કર્મચારીઓની ખાલી પડેલ બઢતીપાત્ર જગ્યાઓ પર શ્રેયાન કર્મચારીઓને પ્રવર્તમાન બઢતીના નિયમાનુસાર બઢતી આપવા અંગે તા.૨૮-૧૦-૨૦૨૦ના રોજ આયોજીત પસંદગી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.
**નોંધ : અહેવાલ સભા સમયે રજૂ કરવામાં આવશે.**

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય ખાતે વય મર્યાદાના કારણે તા.૩૧–૧૦–૨૦૨૦ના રોજ નિવૃત્ત થનાર કર્મચારીઓની ખાલી પડેલ બઢતીપાત્ર જગ્યાઓ પર શ્રેયાન કર્મચારીઓને પ્રવર્તમાન બઢતીના નિયમાનુસાર બઢતી આપવા અંગે તા.૨૮–૧૦–૨૦૨૦ના રોજ આયોજીત પસંદગી સમિતિના અહેવાલનો યથાવત સ્વીકાર કરવામાં આવે છે.**

૬. Guj Info Petro Limited, Gandhinagar નો Ref:GIPL/CEO/ VNSGU/ Jun 20/ 542, dt.26/06/2020નો પત્ર સમિતિના સભ્યોને રીફર કરતા સમિતિના સભ્યો દ્વારા તૈયાર કરેલ અહેવાલ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરતા સિન્ડિકેટની તા.૨૧/૦૯/૨૦૨૦ની સભાનો ઠરાવ ક્રમાંકઃ૨૭ ના ઠરાવ્યાનુસાર સમિતિના સભ્ય દ્વારા તૈયાર કરેલ અહેવાલનો સ્વીકાર કરવામાં આવેલ હતો. પરંતુ સમિતિના સભ્યો દ્વારા રજૂ કરેલ અહેવાલમાં GIPL ને બાકી રહેલ રકમની ચૂકવણી કરવી કે કેમ જે અંગે સ્પષ્ટતા ન હોવાથી GIPL દ્વારા રજૂ કરેલ બાકી રહેલ રકમની ચૂકવણી અર્થે કાર્યાલયના પત્રાંકઃ જન/ EPR/૮૬૨૩/૨૦૨૦, તા.૦૧/૧૦/૨૦૨૦થી સમિતિના સભ્યોનો અભિપ્રાય રજૂ કરવા જણાવતા સમિતિના સભ્યો દ્વારા તા.૦૩/૧૦/૨૦૨૦ના રીપોર્ટ મુજબ <u>ERP ની કામગીરી લગભગ ૬૦% જેટલી સંપૂર્ણ પૂર્ણ થઈ છે ૨૦% જેટલી કામગીરી પૂર્ણ થનાર આરે છે જયારે લગભગ ૨૦% જેટલી કામગીરી બાકી છે</u>. જે અવલોકનમાં લઈ GIPL દ્વારા રજૂ કરેલ બાકી રહેલ રકમ રૂ.૧,૬૮,૭૪,૦૦૦/– માંથી સમિતિના સભ્યોનો અહેવાલ ધ્યાને લઈ GIPL ને કેટલી રકમ ચૂકવણી કરવાની થાય તે અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, Guj Info Petro Limited, Gandhinagar નો Ref:GIPL/CEO/ VNSGU/ Jun 20/ 542, dt.26/06/2020નો પત્ર સમિતિના સભ્યોને રીફર કરતા સમિતિના સભ્યો દ્વારા તૈયાર કરેલ અહેવાલ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરતા સિન્ડિકેટની તા.૨૧/૦૯/૨૦૨૦ની સભાનો ઠરાવ ક્રમાંકઃ૨૭ ના ઠરાવ્યાનુસાર સમિતિના સભ્ય દ્વારા તૈયાર કરેલ અહેવાલનો સ્વીકાર કરવામાં આવેલ હતો. પરંતુ સમિતિના સભ્યો દ્વારા રજૂ કરેલ અહેવાલમાં GIPL ને બાકી રહેલ રકમની ચૂકવણી કરવી કે કેમ જે અંગે સ્પષ્ટતા ન હોવાથી GIPL દ્વારા રજૂ કરેલ બાકી રહેલ રકમની ચૂકવણી અર્થે કાર્યાલયના પત્રાંકઃ જન/ EPR/૮૬૨૩/૨૦૨૦, તા.૦૧/૧૦/૨૦૨૦થી સમિતિના સભ્યોનો અભિપ્રાય રજૂ કરવા જણાવતા સમિતિના સભ્યો દ્વારા તા.૦૩/૧૦/૨૦૨૦ના રીપોર્ટ મુજબ ERP ની કામગીરી લગભગ ૬૦% જેટલી સંપૂર્ણ પૂર્ણ થઈ છે ૨૦% જેટલી કામગીરી પૂર્ણ થનાર આરે છે જયારે લગભગ ૨૦% જેટલી કામગીરી બાકી છે. જે અવલોકનમાં લઈ GIPL દ્વારા રજૂ કરેલ બાકી રહેલ રકમ રૂ.૧,૬૮,૭૪,૦૦૦/– માંથી સમિતિના સભ્યોનો અહેવાલ ધ્યાને લઈ GIPL ને અત્યાર સુધી થયેલ તબકકાવાર તમામ ચુકવણીની વિગતો તથા બાકી ચુકવણીની વિગતો સાથે બાબત ફરીથી સિન્ડિકેટમાં રજુ કરવી.**

૭. યુનિવર્સિટી આંકડાશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. આર. ડી. પટેલ આગામી તા.૩૧/૧૦/૨૦૨૦ના રોજ વયમર્યાદાના કારણે નિવૃત્ત થનાર હોય સ્ટેચ્યુટ–૨૯૩ અને ઓર્ડિનાન્સ–૩૭ની જોગવાઈ અંતર્ગત વિભાગીય વડાની નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત..

**Statute 293 :**

There shall be a Head of the Department for each Department to be appointed by the Syndicate. The Syndicate shall appoint the senior most full lime teacher not below the rank of a Reader from amongst the staff of the Department to work as the Head of the Department. The whole time University Teacher appointed to act temporarily as the Head of University Department in the place of the permanent incumbent on leave shall not be considered to occupy the office under the designation of the Head of a University Department for the purpose of Section 16 (I) Class I (C) (i) and Section 19 (1) (vi).

Notwithstanding anything contained above the Senior most whole time University Teacher not below the rank of a Reader in the Department appointed as officiating Head of the Department in a permanent vacancy caused by the death, retirement, resignation or termination of services or such other reason shall be deemed to hold office for the purposes mentioned above.

**Ordinance – 37- C**

(i) There shall be a Head of the Department for each Department to be appointed by the Syndicate as per the Provisions made in Statute-293.

(ii) For the purpose of appointment, the seniority shall be counted on the basis of the Date of Joining as a Reader or Professor, as the case may be, irrespective of whether the appointment is made under Direct Recruitment or Career Advancement Scheme.

(iii) This Ordinance shall be applicable forthwith. The Syndicate shall make necessary changes/ alterations in the appointments made earlier in order to give effect of this provision.

**નોંધ :** વિભાગમાં કાર્યરત પ્રોફેસર તથા આસિ. પ્રોફેસરની માહિતી નીચે મુજબ છે.

| Sr. No. | Name | Designation | Present Designation Date | DOB | DOJ |
|---|---|---|---|---|---|
| 1 | ARTI JAGDISHBHAI RAJYAGURU | PROFESSOR | CAS - 06/05/2013 | 01-12-68 | 02-11-06 |
| 2 | SHITAL SHANKARBHA PATEL | Assistant Professor | Direct | 05-12-78 | 17-08-15 |

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી આંકડાશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. આર. ડી. પટેલ આગામી તા.૩૧/૧૦/૨૦૨૦ના રોજ વયમર્યાદાના કારણે નિવૃત્ત થનાર હોય સ્ટેચ્યુટ–૨૯૩ અને ઓર્ડિનાન્સ–૩૭ની જોગવાઈ અંતર્ગત યુનિવર્સિટી આંકડાશાસ્ત્ર વિભાગના વડાશ્રી તરીકે ડૉ.આરતીબેન રાજયગુરૂ (પ્રોફેસર)ની નિમણૂંક કરવી.**

૮. યુનિવર્સિટી ખાતે સમગ્ર દક્ષિણ ગુજરાતની સંલગ્ન કોલેજોમાં શૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટે કેન્દ્રીય વ્યવસ્થા યુનિવર્સિટી ખાતે ઉભી કરવા અંગે સિન્ડિકેટની તા.૦૮–૦૨–૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૦૩ અન્વયે **Central Recruitment Cell**ની રચના કરવામાં આવેલ છે. જે અન્વયે યુનિવર્સિટી કાર્યાલય દ્વારા યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોને વિવિધ કેડરની ખાલી જગ્યાઓની વર્કલોડ સહિતની માહિતી મોકલી આપવા જણાવવામાં આવેલ છે. જે સંદર્ભે યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજો તથા સાઉથ ગુજરાત સેલ્ફ ફાયનાન્સ કોલેજ મેનેજમેન્ટ એસોસિએશનના વી.એન.એસ.જી.યુ. સંલગ્ન સ્વનિર્ભર કોલેજોમાં અધ્યાપકોની ઘટ યુનિવર્સિટી દ્વારા ભરવા બાબતેના તા.૧૧/૦૯/૨૦૨૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે સમગ્ર દક્ષિણ ગુજરાતની સંલગ્ન કોલેજોમાં શૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટે કેન્દ્રીય વ્યવસ્થા યુનિવર્સિટી ખાતે ઉભી કરવા અંગે સિન્ડિકેટની તા.૦૮–૦૨–૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૦૩ અન્વયે Central Recruitment Cellની રચના કરવામાં આવેલ છે. જે અન્વયે યુનિવર્સિટી કાર્યાલય દ્વારા યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોને વિવિધ કેડરની ખાલી જગ્યાઓની વર્કલોડ સહિતની માહિતી મોકલી આપવા જણાવવામાં આવેલ છે. જે સંદર્ભે યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજો તથા સાઉથ ગુજરાત સેલ્ફ ફાયનાન્સ કોલેજ મેનેજમેન્ટ એસોસિએશનના વી.એન.એસ.જી.યુ. સંલગ્ન સ્વનિર્ભર કોલેજોમાં અધ્યાપકોની ઘટ યુનિવર્સિટી દ્વારા ભરવા બાબતેના તા.૧૧/૦૯/૨૦૨૦ના પત્ર સંદર્ભે યુનિવર્સિટીના એકટ/ સ્ટેચ્યુટમાં સંલગ્ન કોલેજોના સ્ટાફ માટે ભરતી કરવાની સત્તાની કોઈ જોગવાઈ નથી તેથી સદર Central Recruitment Cell બરખાસ્ત કરી તમામ કોલેજોને તેમની ખાલી જગ્યાઓ નિયમોનુસાર સત્વરે ભરવા માટેની કાર્યવાહી કરવા જણાવવું.**

૯. સિન્ડિકેટની તા.૦૫/૦૫/૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ(૨૨૫)થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર ખાતે કેડિલા હેલ્થકેર લિ., અંકલેશ્વર કંપનીના કર્મચારીઓને M.Sc.Chemistry અભ્યાસમાં સુપર ન્યુમરી/સ્પોન્સર્ડ (૧૦) હાયર પેમેન્ટ બેઠકની મંજૂરી આપવામાં આવેલ હોય જે બાબત પૂનઃવિચારણા માટે સિન્ડિકેટમાં રજૂ કરતા સિન્ડિકેટની તા.૨૩–૦૮–૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫૧) થી સદર બાબત નામંજૂર કરવામાં આવેલ હતી. જે સંદર્ભે આચાર્યશ્રી દ્વારા તા.૧૦/૧૧/ ૨૦૨૦ના ઈ–મેઈલથી સદરહૂ MOU અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન વિદ્યાર્થી ફાળવવા કરેલ વિનંતી પર પૂનઃ વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૦૫/૦૫/૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ(૨૨૫)થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર ખાતે કેડિલા હેલ્થકેર લિ., અંકલેશ્વર કંપનીના કર્મચારીઓને M.Sc. Chemistry અભ્યાસમાં સુપર ન્યુમરી/સ્પોન્સર્ડ (૧૦) હાયર પેમેન્ટ બેઠકની મંજૂરી આપવામાં આવેલ હોય જે બાબત પૂનઃવિચારણા માટે સિન્ડિકેટમાં રજૂ કરતા સિન્ડિકેટની તા.૨૩–૦૮–૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫૧) થી સદર બાબત નામંજૂર કરવામાં આવેલ હતી. જે સંદર્ભે આચાર્યશ્રી દ્વારા તા.૧૦/૧૧/૨૦૨૦ના ઈ–મેઈલથી સદરહૂ MOU અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન વિદ્યાર્થી ફાળવવા કરેલ વિનંતી સંદર્ભે સદર અભ્યાસક્રમ યુનિવર્સિટીના અનુસ્નાતક કેન્દ્રમાં ચાલતો હોવાથી તેમા કોલેજે કરેલા MOUનો અમલ કરી શકાતો ન હોવાથી વિનંતીનો અસ્વિકાર કરવો.**

૧૦. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન ફી માફ કરવા / ઘટાડો કરવા અંગે મળેલ વિવિધ રજુઆતો અંગે વિચારણા કરવા બાબત.

નોંધ :– ૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની ફી માફ કરવાની રજુઆતો બાબતે શિક્ષણ વિભાગ, ગાંધીનગરને તા.૧૩/૦૮/૨૦૨૦ ના રોજના પત્રથી માર્ગદર્શન આપવા વિનંતી કરેલ છે.

૨) પરીપત્ર ક્રમાંક : એકે./પરિપત્ર/૭૨૦૯/૨૦૨૦, તા. ૩૧/૦૮/૨૦૨૦ થી યુ.જી.સી. ના ફી અંગેના તા. ૨૭/૦૫/૨૦૨૦ ના પત્રનો અમલ કરવા પરિપત્ર કરેલ છે.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન ફી માફ કરવા / ઘટાડો કરવા અંગે મળેલ વિવિધ રજુઆતો સંદર્ભે યુનિવર્સિટી દ્વારા સરકારશ્રી તરફથી માર્ગદર્શન માંગેલ છે તદ્અનુસાર માર્ગદર્શન મળે તે દરમ્યાન સંલગ્ન કોલેજોએ યુનિવર્સિટીને ચુકવવાની થતી નીચેની ફી શૈક્ષણિક વર્ષ. ૨૦૨૦–૨૧ના બે સેમેસ્ટરમાં ચુકવવાની રહેશે નહીં અને આ ફી કોલેજો વિદ્યાર્થીઓ પાસે પણ વસુલી શકશે નહીં જે કોલેજોએ આ શૈક્ષણિક વર્ષના પ્રથમ સેમેસ્ટરમાં  આ ફી વસુલી છે તેમણે આવતા સેમેસ્ટરમાં આ ફી સરભર કરવાની રહેશે.**

**(૧) યુનિ.ડેવલપમેન્ટ ફી રૂા.૫૦/–**

**(૨) યુનિ.સ્પોર્ટસ એન્ડ કલ્ચર એકટીવીટી ફી રૂા.૨૦/–**

**(૩) યુનિ. સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ડેવલપમેન્ટ ફી રૂા.૨૦/–**

૧૧. યુનિવર્સિટી સંલગ્ન નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ભરૂચના આચાર્યશ્રી દ્વારા **M.Sc. Chemistry (Evening)** શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯માં નિયત એફીલીએશન ફી ભરી પીજી સેન્ટર શરૂ કરવા કરેલઅરજી સંદર્ભે **LIC** દ્વારા મુલાકાત લેવામાં આવેલ ત્યાર બાદ સદરહું અભ્યાસક્રમ કોઈ કારણોસર શરૂ થઈ શકેલ ન હતો, જે સંદર્ભે સદરહું અરજી વિદ્યાર્થીઓના હિતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે સ્વીકારવા તા.૧૦–૧૧–૨૦૨૦ના ઈમેલથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત...

(સિન્ડિકેટ/પી.જી.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ભરૂચના આચાર્યશ્રી દ્વારા M.Sc. Chemistry (Evening) શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯માં નિયત એફીલીએશન ફી ભરી પીજી સેન્ટર શરૂ કરવા કરેલ અરજી સંદર્ભે LIC દ્વારા મુલાકાત લેવામાં આવેલ ત્યાર બાદ સદરહું અભ્યાસક્રમ કોઈ કારણોસર શરૂ થઈ શકેલ ન હતો, જે સંદર્ભે સદરહું અરજી વિદ્યાર્થીઓના હિતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે સ્વીકારવા તા.૧૦–૧૧–૨૦૨૦ના ઈમેલથી કરેલ વિનંતીનો અસ્વિકાર કરવામાં આવે છે.**

૧૨. પીએચ.ડી.ની એન્ટ્રસ પરીક્ષા યોજવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ : કુલ ૩૫ વિષયો માટે કુલ ૨૬૯૬ અરજીઓ મળેલ છે, જેની વેરીફિકેશનની કાર્યવાહી હાલ ચાલુ છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. પ્રવેશ અંગેની આગળની કાર્યવાહી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

૧૩. યુનિવર્સિટીના શ્રી જી. સી. પટેલ ઈન્સ્ટી. ઓફ આર્કિટેકચર અંતર્ગત ચાલતાં બેચલર ઓફ આર્કિટેકચર સેલ્ફ ફાઈનાન્સ પ્રોગ્રામના આચાર્યશ્રી રાજેશ મહેતાના તા.૧૧/૧૧/૨૦૨૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના શ્રી જી. સી. પટેલ ઈન્સ્ટી. ઓફ આર્કિટેકચર અંતર્ગત ચાલતાં બેચલર ઓફ આર્કિટેકચર સેલ્ફ ફાઈનાન્સ પ્રોગ્રામના આચાર્યશ્રી રાજેશ મહેતાના તા.૧૧/૧૧/ ૨૦૨૦ના પત્રનો સ્વીકાર કરવામાં આવે છે.**

**તા.૨૧–૦૯–૨૦૨૦ની સિન્ડિકેટની સભાની બાબત ક્રમાંકઃ ૪૦, ૭૩ અને ૧૩૨ ને આગામી સિન્ડિકેટમાં રજુ કરવા માટેના ઠરાવ અનુસાર આ બાબતો આજની સિન્ડિકેટમાં લેવા માટે સિન્ડિકેટના હાજર તમામ સભ્યોશ્રીઓની નીચેની સામુહિક દરખાસ્તો માનનીય અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની ત્રણ બાબતો (૧૪, ૧૫ અને ૧૬) રજૂ કરવામાં આવી હતી.**

૧૪. શ્રી સરભાણ સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત શ્રી એ. એલ. જે. પટેલ એન્ડ શ્રી ડી. જે. પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ચકલાદ – સરભાણના આચાર્યશ્રીના તપાસ સમિતિ રદ કરવા બાબત અંગેના તા. ૦૨/૦૯/૨૦૨૦ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **સદર મંડળના જે તે સમયના સભ્ય દ્વારા મંડળના કોઈ પણ અધિકાર મંડળમાં કોઈપણ ચર્ચા વિચારણા/ ઠરાવ કર્યા વગર જ કોલેજના આચાર્ય વિરુધ્ધ યુનિવર્સિટીને બારોબાર લખેલ પત્ર તથા ત્યારબાદ મંડળના જે તે વખતના પ્રમુખશ્રી દ્વારા સદર બાબત/ફરિયાદ દફતરે કરવા માટે લખાયેલ પત્રોની વિગતો અને કોલેજના આચાર્યશ્રીએ આ બાબતે કરેલી રજૂઆતોની વિગતોથી સ્પષ્ટ થાય છે કે સદર બાબત મંડળની આંતરિક વહીવટની બાબત હતી અને છે. આ બાબતને યુનિવર્સિટીના વહીવટના કોઈપણ પાસા સાથે સીધો કે આડકતરો સંબંધ ન હતો અને નથી. તેથી તત્કાલીન કુલપતિશ્રીએ સદર બાબતે નિમેલી તપાસ સમિતિ તાત્કાલિક બરખાસ્ત કરવાનું અને સદર બાબતે થયેલ તમામ કાર્યવાહી/ પત્રવ્યવહાર સહિતના પત્રો /દસ્તાવેજો દફતરે કરવાનું આથી ઠરાવવામાં આવે છે.**

૧૫. યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગોમાં વર્ષ ૨૦૧૭ દરમ્યાન નિમણુંક પામેલ વિવિધ શૈક્ષણિક કર્મચારીઓના અજમાયશી સમય લંબાવવા અંગે મા. સિન્ડિકેટ સભ્યશ્રીઓના સંયુકત સહીવાળો તા.૧૧/ ૦૯/૨૦૨૦ નો પત્ર તથા સદર શૈક્ષણિક કર્મચારીઓ વિરૂધ્ધ થયેલા સિન્ડિકેટના તમામ ઠરાવો રદ કરવા અંગેના શૈક્ષણિક કર્મચારીઓના તા.૦૪/૦૯/૨૦૨૦ તથા તા.૦૭/૦૯/૨૦૨૦ના સંયુકત સહીવાળા પત્રો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આ બાબતના વિવિધ પાસાઓ જેવા કે આ અધ્યાપકો/શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંકની મૂળ પ્રક્રિયા અને તેના વિવિધ તબકકાઓ દરમ્યાનની જે તે જગ્યા માટેની યુનિવર્સિટીના નિયમો/ ધારાધારણો અનુસાર રચાયેલી સમિતિઓની કાર્યવાહી, પસંદગી સમિતિની કાર્યવાહી, પસંદગી સમિતિમાં રાજયપાલશ્રીના પ્રતિનિધિ સહિતના તજજ્ઞોની હાજરી, આવી સમિતિઓની કાર્યવાહીને અને જે તે નિમણૂંકની સમગ્ર પ્રક્રિયાને અને નિમણૂકોને બહાલી આપતા તત્કાલિન સિન્ડિકેટના ઠરાવો વગેરેને ધ્યાનમાં લઈને તથા સાથે સાથે આ બાબતે તપાસ સમિતિની રચના કરવા માટેના કારણો/આધારો/ઈરાદાઓ, તપાસ સમિતિનું ગઠન, તપાસ સમિતિના સભ્યોના નિમણૂંક પત્રમાં સ્પષ્ટ થતા કાર્યક્ષેત્રની બહારની કાર્યવાહી અને તેની કાર્યપધ્ધતિ, ઓર્ડિનન્સ/સ્ટેચ્યુટની જોગવાઈઓની અવગણના, ઉપર જણાવેલ પાસાઓની અવગણના, કુદરતી ન્યાયના સિધ્ધાંતોની અવગણના વગેરે જેવા પાસાઓ ધ્યાનમાં લઈને નીચે મુજબ કાર્યવાહી કરવા આથી ઠરાવવામાં આવે છે.**

**૧. જે તે અધ્યાપક/શૈક્ષણિક કર્મચારીઓનો અજમાયશી સમય લંબાવવા માટેનો સિન્ડિકેટની તા.૧૯–૦૬–૨૦૧૯ની સભાની બાબત ક્રમાંક ૩૭૫ નો ઠરાવ રદ કરવો.**

**૨. જે તે અધ્યાપક/શૈક્ષણિક કર્મચારીઓને તેમની નિમણુંકની તારીખથી ૨૪ મહિના પૂર્ણ થયાની તારીખથી કાયમી ગણવા, આ અંગેની નોંધ તેમની સેવાપોથીમાં કરવી અને કાયમી થવા સાથે મળવાપાત્ર તમામ લાભો આપવા.**

**૩. સદર બાબતે તપાસ માટે તત્કાલીન કુલપતિશ્રીએ નિમેલી સમિતિ બરખાસ્ત કરવી તથા આ સમિતિએ જો કોઈ અહેવાલ આપેલ હોય તો તે રદ ગણી દફતરે કરવો.**

**૪. આ ઠરાવનો અમલ થયા પછી અજમાયશી સમય લંબાવવા બાબતે જે અધ્યાપકે/શૈક્ષણિક કર્મચારીઓએ યુનિવર્સિટી સામે કેસ કરેલ છે તે અધ્યાપકે/શૈક્ષણિક કર્મચારીઓએ તે કેસ પાછો ખેંચવાનો રહેશે અને તે માટેની લેખિત બાહેધરી આપવાની રહેશે.**

૧૬. સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ.કશ્યપસિંહ ખરચીયાના યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના ચાર આચાર્યો (૧)ડૉ.રશ્મિબેન મંદિરવાલા, (૨)ડૉ.ફાલ્ગુનીબેન વાંસીયા (૩)ડૉ.ચિરાંગીબેન દેસાઈ, (૪) ડૉ.કેયુરભાઈ નાયક સામે થયેલ કાર્યવાહી અંગેના તા.૧૬/૦૯/૨૦૨૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આ બાબતના વિવિધ પાસાઓ જેવા કે સદર ચાર આચાર્યોની નિમણૂંકની મૂળ પ્રક્રિયા અને તેના વિવિધ તબકકાઓ દરમ્યાનની જે તે જગ્યા માટેની યુનિવર્સિટીના નિયમો / ધારાધોરણો અનુસાર રચાયેલી સમિતિઓની કાર્યવાહી, પસંદગી સમિતિની કાર્યવાહી, પસંદગી સમિતિમાં કુલપતિશ્રીના પ્રતિનિધિ ઓ સહિતના તજજ્ઞોની હાજરી, આવી સમિતિઓની કાર્યવાહીને, જે તે નિમણૂંકોની સમગ્ર પ્રક્રિયાને તથા નિમણૂંકોને યુનિવર્સિટીના વિભાગો દ્વારા જે તે સમયના આ પદ માટે તા.૨૯–૯–૨૦૧૧થી ૧૮–૪–૨૦૧૬ સુધી અમલમાં હતા એવા રાજય સરકારના / યુનિવર્સિટીના લાયકાતના ધોરણો (જેમાં API ની ગણતરી તથા Associate Professorship જરુરી ન હતા અને સમગ્ર ગુજરાતમાં અનુદાનીત કોલેજોમાં આચાર્યોની નિમણૂંકો જેના આધારે થઈ હતી તે ધોરણો) સહિતના ધારાધોરણોનું પાલન થયું હોવાની ખાત્રી કર્યા બાદ બહાલી આપવા સહિતની યુનિવર્સિટીએ કરેલી તમામ કાર્યવાહી અને એવી કાર્યવાહીને આધારે યુનિવર્સિટીએ તેમની નિમણૂંકોને આપેલી બહાલી, એવી બહાલી પછી જે તે સંચાલક મંડળે આપેલી નિમણૂંક, એવી નિમણૂંક પછી જે તે આચાર્યને વર્ષો સુધી યુનિવર્સિટીએ યુનિવર્સિટીના જુદા જુદા અધિકાર મંડળોમાં આપેલ એક્ષઓફિસ્યો સભ્યપદ, આવા અધિકાર મંડળોની ચૂંટણીઓમાં તેમને અપાયેલ મતદાનનો અધિકાર અને વખતો વખત તેમણે કરેલ મતદાન, આ તમામ વર્ષો દરમ્યાન તેમની નિમણૂંક બાબતે કોઈપણ ફરિયાદનો અભાવ વગેરેને ધ્યાનમાં લઈને તથા સાથે સાથે આ બાબતે કોઈપણ રીતે અસરગ્રસ્ત હોય એવા કોઈપણ પક્ષની ફરિયાદ વગર જ તપાસ કરવા અને તપાસ સમિતિની રચના કરવા માટેના કારણો/ આધારો/ ઈરાદાઓ/સમય, તપાસ સમિતિનું ગઠન, આચાર્યની નિમણૂંક માટેના તા.૨૯–૯–૨૦૧૧થી ૧૮–૪–૨૦૧૬ સુધી અમલમાં હતા એવા રાજય સરકારશ્રીના/ યુનિવર્સિટીના લાયકાતના ધોરણો (જેમાં API ની ગણતરી તથા Associate Professorship જરુરી ન હતા અને આ સમયગાળા દરમ્યાન સમગ્ર ગુજરાતમાં અનુદાનિત કોલેજોમાં આચાર્યોની નિમણૂંકો જેના આધારે થઈ હતી તે ધોરણો) સહિતના ધારાધોરણોનું પાલન થયું હોવાની ખાત્રી કર્યા બાદ બહાલી આપવા સહિતની યુનિવર્સિટીએ કરેલી તમામ કાર્યવાહી અને એવી કાર્યવાહીને આધારે યુનિવર્સિટીએ તેમની નિમણૂંકોને બહાલી આપી હતી તે હકિકતોની સંપૂર્ણ અવગણના કરીને તપાસ સમિતિએ કરેલી કાર્યવાહી અને અપનાવેલી કાર્યપધ્ધતિ, આ બાબતો દરમ્યાન, ઓર્ડિનન્સ/ સ્ટેચ્યુટની જોગવાઈઓની અવગણના, ઉપર જણાવેલ પાસાઓની સંપુર્ણ અવગણના, કુદરતી ન્યાયના સિધ્ધાંતોની અવગણના વગેરે જેવા પાસાઓ ધ્યાનમાં લઈને નીચે મુજબ કાર્યવાહી કરવા આથી ઠરાવવામાં આવે છે.**

૧. **સદર બાબતે તત્કાલીન કુલપતિશ્રી દ્વારા નિમાયેલ તપાસ સમિતિનો અહેવાલ રદ કરવો.**

૨. **જે તે આચાર્યની મૂળ નિમણૂંકને યુનિવર્સિટીએ આપેલ બહાલી તથા જે તે આચાર્યને યુનિવર્સિટીએ આચાર્ય તરીકે આપેલી માન્યતા તથા યુનિવર્સિટીના વિવિધ અધિકાર મંડળોમાં આપેલ એક્ષઓફિસ્યો સભ્યપદ સહિતના અધિકારો વગેરે રદ કરતો યુનિવર્સિટીની સિન્ડિકેટની તા.૧૯–૬–૨૦૧૯ની સભાની બાબત ક્રમાંક ૩૭૪ નો ઠરાવ રદ કરવો અને તે ઠરાવ આધારિત તમામ પરિપત્રો રદ કરવા.**

૩. જે તે આચાર્યને તેમના આચાર્યના પદ ઉપર તેમને છૂટા કરવાની તારીખથી પુનઃસ્થાપિત કરવા માટે જે તે સંચાલક મંડળને આદેશો કરવા તથા જે તે આચાર્યને યુનિવર્સિટીના જે જે અધિકાર મંડળોમાંથી ફારેગ કરવામાં આવ્યા હતા તેવા તમામ અધિકાર મંડળોના સભ્યપદે પુનઃસ્થાપિત કરવા.

૪. જે તે આચાર્યને તેમના આચાર્યના પદ ઉપરથી છૂટા કરવાની તારીખથી તેમને આ પદ પર પુનઃસ્થાપિત કરવા સુધીની નોકરીને સળંગ ગણવા, આ અંગેની નોંધ તેમની સેવાપોથીમાં કરવા, આ સમય ગાળાના પગારની રકમ ૧૫ દિવસમાં ચુકવી દેવા માટે જે તે સંચાલક મંડળને આદશો કરવા તથા આ આદેશોનું પાલન કરવામાં આવ્યું હોવાના પૂરાવાઓ સાથેનું સોગંદનામું ૨૧ દિવસમાં યુનિવર્સિટીમાં જમા કરવા માટે સંચાલક મંડળને આદેશ કરવો.

૫. સદર સમિતિના સભ્યો એવા બે આચાર્યો પાસેથી સદર સમિતિએ ચાર આચાર્યો પાસેથી જે પત્રકમાં માહિતી મંગાવી હતી તે પત્રકમાં તેમની પોતાની આચાર્ય તરીકેની નિમણૂંક થયેલી તે સમયની માહિતી મંગાવવી અને તે માહિતી અનુસાર તેઓની તે વખતના યુ.જી.સી. એ નિયત કરેલા ધારા–ધોરણો મુજબની તેમની પોતાની લાયકાતની પુર્તતા થતી હતી કે નહીં તે અંગેના ખુલાસાઓ મંગાવી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવા.

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ–૧ (૧)/૧૦૮૨૩ /૨૦૨૦ **ઈ.ચા.કુલસચિવ**
તા. ૧૨–૧૧–૨૦૨૦
પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**
.